# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




**કેરેલા હિન્દું ઈકોનોમી ફોરમના વિવિધ સેકટરના ૩૧ જેટલા વ્યાપારી એકમોના પ્રતિનિધિ મંડળ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે આવેલ....**

કેરેલા હિન્દુ ઈકોનોમી ફોરમના ૩૧ જેટલા વિવિધ સેકટરના વ્યાપારી એકમોના પ્રતિનિધિ મંડળો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે આવેલ. જેમાં બન્ને શહેરો વચ્ચે બિઝનેશ ડેવલોપ થાય તે માટે મિટીંગ યોજવામાં આવેલ. જેમાં હિન્દુ ઈકોનોમી ફોરમના પ્રમુખશ્રી પદમભુષણ તથા ઉપપ્રમુખશ્રીનાથ વિષ્ણુ સહિત ૩૧ જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. તેમજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આ મિટીંગમાં રાજકોટ શહેરના વિવિધ સેકટરના એસોસીએશનોના પ્રતિનિધિઓ સાથે વન ટુ વન મિટીંગ કરાવેલ.

મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી જણાવેલ કે રાજકોટ એ સૌરાષ્ટ્રનું હબ છે અને રાજકોટના ઉધોગકારો પાસે એવી તાકાત છે કે તેઓ ધારે તે પ્રોડકટસનું ઉત્પાદન કરી સમગ્ર વિશ્વમાં સપ્લાય કરી શકે છે. ત્યારે આવનારા દિવસોમાં બિઝનેશને ગ્રોથ આપવા અને બજારમાં ટકી રહેવા માટે દેશના ખુણે ખુણે બિઝનેશ કરવો પડશે. હાલનાં સમયમાં આપણે અન્ય શહેરોમાં ડાયરેકટ માલ સપ્લાય કરવા માટે ઘણી બધી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. ત્યારે કેરેલા એવું સ્ટેટ છે કે ત્યાં વેપાર કરવાની વિપુલ તકો રહી છે અને દરેક પ્રોડકટસ આપણે સરળતાથી સપ્લાય કરી શકીએ. આપણાં ઘર આંગણે કેરેલા સ્ટેટમાંથી વિવિધ સેકટરનું ડેલીગેશન આવેલ છે તો તેઓની સાથે સંપર્ક કરી આપણા બિઝનેશને વધુ ને વધુ વેગ મળે તે શુભ આશય સાથે આ મિટીંગ યોજવામાં આવેલ છે.

લોઠડા-પીપલાણા-પડવલા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી જયંતિભાઈ સરધારાએ બન્ને શહેરો વચ્ચે વ્યાપારમાં વૃદ્ધિ થાય અને ડાયરેકટ માલ સપ્લાય થાય તે માટે વિચાર વિમર્શ કરવામાં આવેલ.

ત્યાર બાદ હિન્દુ ઈકોનોમી ફોરમના પ્રમુખશ્રી પદમભુષણએ રાજકોટ ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મિટીંગ બદલ સહદય આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે હિન્દુ ઈકોનોમી ફોરમ કેરેલા સ્ટેટમાં આવા ૭૨ જેટલા ફોરમો કાર્યરત છે તેઓને સાથે રાખી અને

બિઝનેશને ડેવલોપ કરી શકે તે માટે મદદરૂપ થાય છે. ત્યારે રાજકોટ અને કેરેલા વચ્ચે વ્યાપારમાં વૃદ્ધિ થાય તેવી આશા વ્યકત કરેલ અને કેરેલામાં વ્યાપાર કરવા માટે જે કાંઈપણ મદદની જરૂરીયાત પડે તે સંપુર્ણ આપવા તત્પર છે.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સંસ્થાની કામગીરીનો ચિતાર આપતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સમગ્ર સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૯ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે અને તેઓના પ્રશ્નોને વાચા આપવા માટે સરકારશ્રી તથા વિવિધ વિભાગોમાં રજુઆતો કરી-મિટીંગો કરી તેઓના પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે પ્રયાસ કરી રહયું છે. રાજકોટ ચેમ્બરમાં ૨૫૦૦ થી વધારે ડાયરેકટ મેમ્બર છે તેમજ ૧૦૦ વધુ વિવિધ સેકટરના એસોસીએશનો જોડાયેલ છે અને વેપાર-ઉધોગના બિઝનેશને ગ્રોથ આપવા માટે હંમેશા અગ્રેસર રહે છે. ત્યારે રાજકોટ અને કેરેલા બન્ને શહેરો વચ્ચે વેપારની વધુ તકો ઉભી થાય તે માટે તેમની વિવિધ પ્રોડકટસની જરૂરીયાતને ચેમ્બરના પ્રોર્ટલ પર મુકી એક પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવશે.

ત્યારબાદ મિટીંગમાં કેરેલા હિન્દું ઈકોનોમી ફોરમમાંથી વિવિધ સેકટરમાંથી આવેલ વ્યાપારી એકમોના પ્રતિનિધિઓ દ્વારા વન ટું વન પરિચય આપી કેરેલામાં કઈ કઈ પ્રોડકટસ માટે બિઝનેશની તકો રહેલ છે તેની જાણ કરેલ. જેમાં ખાસ કરીને Agriculture Equipments and drip Irrigation, Kitchen Equipments for Hotel and Food Industries, Kitchenware and Home Equipments, Submersible Pumps and Electric Motors, Aluminum Extrusion and products, Building Hardware, Electrics and Electronics, Pipe Fittings, Ceramic Tiles, Diesel engines and Spares, Medical and Hospital Equipments, Food Products, Furniture Items, CNC Cutting Machines, It Software, જેવી વિવિધ પ્રોડકટસની વ્યાપાર માટે તકો રહેલ છે. તેમજ રાજકોટ શહેરમાંથી વિવિધ સેકટરના એસોસીએશનના પ્રતિનિધિઓએ પોતાનો પરિચય આપી રાજકોટમાં બનતી અલગ-અલગ પ્રોડકટસની પણ જાણકારી આપવામાં આવેલ.

સમગ્ર મિટીંગનું સંચાલન અને ઉપસ્થિત કેરેલાના પ્રતિનિધિ મંડળ અને શહેરના વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓનો મિટીંગમાં ઉપસ્થિત રહેલા બદલ અભાર વ્યકત રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.